IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ગ્રામીણ સમાજના અભ્યાસો : એક સમીક્ષા

રવિન્દ્રકુમાર પી. બારોટ

પીએચ.ડી. સ્કોલર

ગુજરાત યુનિવર્સિટી,

અમદાવાદ

**સારસંક્ષેપ :**

ભારત ગામડાનો બનેલો દશે છે. તેમ છતાં વિકાસની પ્રક્રિયાના કારણે શહેરી સમાજનું પ્રમાણ વધતુ જાય છે. ઈસ્ટ ઈન્ડીયા કંપનીએ પોતાના રાજ્ય વહીવટમાં ઉપયોગી થવાના સદર્ભે ગ્રામીણ સમાજો વિશે અને સમાજ જીવન વિશે ઘણી બધી માહિતી એકત્ર કરેલી જે સરકારી દસ્તાવેજો સ્વરૂપે સંગ્રહાયેલી જણાઈ આવે છે. કાર્લમાર્કસ એ પણ ભારતના ગ્રામીણ સમાજનું સ્વરૂપ કેવું છે તેનું વર્ણન કર્યુ હતું. અંગ્રેજ અમલ દરમ્યાન બેન પોવેલ (૧૯૭૨) નામના એક વિદ્વાન અને વહીવટીકરણના કારણે ભારતના ગ્રામ સમુદાય વિશે તેના ઉદ્ભવથી માંડીને વિકાસને લગતો અભ્યાસ કર્યો છે. તે જ રીતે હેનરી મેને (૧૯૧૭) પણ આવો અભ્યાસ કર્યો છે. જે દક્ષિણ ભારતના ગ્રામ સમાજમાં કૃષિ વ્યવસ્થા અને ભૂમિ સંબંધોને લગતો છે. સમાજશાસ્ત્રીઓ અને સમાજ વૈજ્ઞાનિકોએ ગ્રામીણ સમાજના અભ્યાસો વિવિધ સ્વરૂપે કર્યા છે. પરંપરાગત ગ્રામ સમુદાયનું સ્વરૂપ, રચના, જ્ઞાતિ, સમાજ વ્યવસ્થા, ગ્રામીણ અર્થ વ્યવસ્થા, પરિવર્તન, સાતત્ય, રૂઢિ ચુસ્તતા વગેરે બાબતો લઈને ગ્રામીણ ક્ષેત્ર. વિશાળ અભ્યાસો થયા છે. સરકાર ધ્વારા વિવિધ પ્રોઝેકટ અને સર્વેક્ષણો પણ આ ક્ષેત્રમાં કરવામાં આવ્યા છે.

**કી – શબ્દ :**

સમાજ, બદલાતુ ગામડુ, પરિવર્તન, સંશોધન, અભ્યાસ, પધ્ધતિશાસ્ત્ર

**પ્રસ્તાવના :**

વિવિધ તપાસ પંચો ધ્વારા ભારતીય ગ્રામ સમુદાયની સમસ્યાઓ, આર્થિક મુશ્કેલીઓ, કુદરતી આપત્તીઓ વગેરે અંગે સર્વેક્ષણો કરવામાં આવ્યા છે. વીસમી સદીની શરૂઆતમાં વારંવાર પડેલ દુષ્કાળો તેની પરિસ્થિતિ અને તેનાથી ઉપસ્થિત થતી ખેડુત સમાજની આર્થિક મુશ્કેલીઓ, અંગ્રેજ સરકારની મહેસુલ ઉઘરાવવાની નીતિ સાથે સાથે ઔધોગિકીકરણની શરૂઆત થતાં ઔધોગિકીકરણ અને તેની ગામડા ઉપર થતી અસરો આ બધાને આર્થિક સમસ્યાના સંદર્ભમાં તપાસી તેમાં સુધારો લાવવાના હેતુથી તપાસ પંચો રચવામાં આવેલા. ઈ.સ.૧૯૨૬ માં ખેતી વિષયક રોયલ કમિશન પણ રચવામાં આવેલું.

ગામડું જીવત અને ધબકતુ રહે તે રાષ્ટ્રવિકાસની દિશામાં જરૂરી છે. સમગ્ર રાષ્ટ્રનો વિકાસ વિશાળ ગ્રામણી સમુદાયને અવગણીને થઈ શકે છે. ગાંધીજીએ ગ્રામોદ્ધાર પ્રવૃત્તિ ઉપર ભાર મુકી ગામડાની સમસ્યાઓને નિવારવા અને ગ્રામ પુનઃ નિર્માણ થાય તેવું ઈચ્છયું. ગાંધીજીના વિચારોને ઘ્યાનમાં રાખીને ઘણાબધા વિદ્વાનોએ અને શિક્ષણ સંસ્થાઓએ અભ્યાસ કર્યો. ઈ.સ.૧૯૬૩ પછી સમાજ વૈજ્ઞાનિક, વહીવટકર્તાઓ, રાજકીય સામાજિક કાર્યકરો વગેરે ગ્રામ સમાજના અભ્યાસોમાં વ્યકિતગત કે સંસ્થાગત રીતે જોડાયેલ હતા. પંજાબ બોર્ડ ઓફ ઈકોનોમીક ઈન્કવાયરી (૧૯૨૦) અને ધી બેંગાલ બોર્ડ ઓફ ઈન્કવાયરી (૧૯૩૫) ઈન્ડીયન સ્ટેટીસ્ટીકલ ઈન્સ્ટીટયુટ (૧૯૪૮) વગેરે સંસ્થાઓએ સાથે સહયોગ કરી અભ્યાસો વિકસાવ્યા હતા. જેમાં શ્રી જે.સી. કુમારપ્પા (૧૯૩૧) એ ગાંધી વિચારસરણીના આધારે માતર તાલુકાના ગામડાઓનો અભ્યાસ કર્યો હતો. તેમજ શ્રી જે.વી. શુકલાએ અને શ્રી મુખત્યારે (૧૯૩૭) ગુજરાતના અન્ય બીજા ગામોનો પણ અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસો પૈકી "સમ સાઉથ ઈન્ડીયન વીલેજીઝ" નામના અભ્યાસમાં શ્રી સ્લેટર (૧૯૧૮) લેખે છે કે ગામડાઓ શહેરોમાં પરિવર્તન પામે છે. એ પણ મોટાભાગના ઔધોગિકરણને વરેલા દેશો સહિત કે જયાં બધા આર્થિક પ્રશ્નોને શહેરી દૃષ્ટીકોણથી જોવામાં આવે છે. 'ડેકકન વીલેજ' ના અભ્યાસના આમુખમાંથી શ્રી માન (૧૯૧૭) લખે છે કે ગ્રામીણ પરિસ્થિતિની સુક્ષ્મપણે તપાસ કરવા માટે ગામડાને એકમ ગણી સામાજિક અને આર્થિક તપાસથી ચકાસણી કરવામાં આવી હતી.ઈ.સ. ૧૯૪૦ ના સમયગાળામાં પહેલાના આર્થિક સર્વેક્ષણો કરતા ગામડાના અભ્યાસોનું સામાજિક વિજ્ઞાનની દૃષ્ટી એ સમાજ જીવન અંગેના અભ્યાસો મહત્વનું સ્થાન ધરાવે છે. ઈ.સ.૧૯૨૦ થી ઈ.સ.૧૯૫૦ ના સમયગાળમાં ફકત આર્થિક બાબતોને અનુલક્ષીને થયેલ અભ્યાસોએ અન્ય બાબતો અને ખાસ કરીને સામાજિક સંબંધો તરફ ભાગ્યે જ લક્ષ આપે છે. આર્થિક બાબતો જેવી કે આવકનું પ્રમાણ, ખર્ચની ઢબ, જમીનની માલિકી વગેરે ગ્રામીણ પાસાઓની વિગતોનું વર્ણન જોવા મળે છે. ગ્રામીણ લોકોમાં થયેલ વિકાસ, ગ્રામીણ સમાજના કાર્યાત્મક, રચનાત્મક સ્વરૂપ વગેરે બાબતો વિશે આર્થિક બાબતોની સરખામણીમાં ઓછું ખેડાણ થયેલુ જોવા મળે છે.

અર્થશાસ્ત્રીઓ પછી સમાજશાસ્ત્રીઓ અને માનવ નૃવંશશાસ્ત્રીઓએ ગ્રામીણ સમાજનો તેમની દૃષ્ટી એ અભ્યાસ શરૂ કર્યો હતો. ઈ.સ. ૧૯૫૫ નું વર્ષ આ અભ્યાસીઓ માટેના ઈતિહાસનું સીમાચિન્હ બની રહયું છે. દૂર્બેનું 'ઈન્ડીયન વિલેજ' (૧૯૫૫) મજમુદારનું રુરલ પ્રોફાઈલ (૧૯૫૫) સંપાદિત મેરીટનું વીલેજ ઈન્ડીયા (૧૯૫૫ : સંપાદિત)

અને શ્રીનિવાસનું 'ઈન્ડીયા વીલેજીઝ (૧૯૫૫ : સંપાદિત ) જેવા અગત્યના પ્રકાશનો હતા. આ વર્ષમાં ડૉ. (શ્રીમતી) ઈરાવતી કર્વેની અધ્યક્ષતા હેઠળ મદ્રાસમાં પરિષદ યોજાયેલ હતી. જેમાં પ્રો.રોબર્ટ રેડફીલ્ડ એ પણ ભાગ લીધો છે. આ પરિષદમાં થયેલ ચર્ચા, સંવાદો, સોસાયટી ઈન ઈન્ડીયા, નામના પુસ્તક રૂપે પ્રકાશિત થયેલ. પાછળથી ટવાઈસ બોર્ન (કાસ્ટેરઈસ : ૧૯૫૭) ઈન્ડીપાઝ વીલેજીસ (દૂરે : ૧૯૫૮) કાસ્ટ એન્ડ કોમ્યુનીકેશન ઈન એન ઈન્ડીયન વિલેજ (મજમુદાર : ૧૯૫૮) અને કાસ્ટ એન્ડ ધી ઈકોનીમીક ઈન્ટીયર (બેઈલી : ૧૯૫૭) વીલેજીજ લાઈફ ઈન નોર્ધન ઈન્ડીયા (લેવીસ : ૧૯૫૮) વગેરે આ રીતે ભારતના ગામડાઓના સંખ્યાબંધ અભ્યાસો થયા આલ્બર્ટ મેયર (૧૯૫૮) નું પાયલોટ પ્રોજેકટ ઈન ઈન્ડીયા ના પુસ્તકમાં ઈટાવા પ્રોજેકટ અંગેની મુખ્ય સફળતાઓનું સારુ એવુ વિવેચન કરેલ છે. ત્યાર બાદ ઈ.સ. ૧૯૫૯ માં અને ઈન્ટ્રોડકશન ટુ રુરલ સોશ્યોલોજી ઈન ઈન્ડીયામાં ડૉ.એ.આર.દેસાઈ (૧૯૫૮–૧૯૬૯) એ ગામડાઓ ઉપરના જુદા જુદા વિષયોના લખાણ વીણી વીણીને એકત્ર કરેલ લેખો સંપાદિત કરી પુસ્તક રૂપે પ્રકાશિત કરેલ છે. યુનિવર્સિટીના સમાજશાસ્ત્રીય અને નૃવંશશાસ્ત્રીય વિભાગોએ આ ગ્રામ્ય વિસ્તારના સર્વેક્ષણો અંગેના પ્રોજેકટો હાથ ધર્યા.

ભારત સરકારના આયોજનપંચની સંશોધન કાર્યક્રમો અંગેની સમિતિએ પણ તેમના કેમ્પો દ્વારા ગ્રામ્ય વિસ્તારના સંશોધનને પ્રોત્સાહન આપેલ. સરકારી ખાતાઓ, કેન્દ્રીય અને પ્રાંતિય સરકારો, ભારત સરકારના મજૂર ખાતાની ખેતમજૂર તપાસ કમિટિએ પણ આવા અભ્યાસો હાથ ધરેલ (૧૯૫૪ પછીના પ્રસિધ્ધ થયા મુજબના) આ ઉપરાંત વ્યકિતગત ધોરણે પણ આવા સાહસિક અભ્યાસો થયેલ છે.

ઈ.સ.૧૯૫૦ સુધી આવા અભ્યાસોએ ગ્રામીણ સમાજની સાચી વાસ્તવિક પરિસ્થિતિનું જ્ઞાન મેળવવા મૂળભૂત જાણકારીમાં પ્રેરણા પુરી પાડે છે. જે પાછળથી ભારતના ગામડાઓમાં વિકાસ કાર્યક્રમોના આયોજન અને કાર્યક્રમ માટે મહત્વનો બન્યો છે. અર્થશાસ્ત્રીઓએ આ ગ્રામ્ય સમાજમાં આધારિત અર્થ ઉપાર્જન બાબતોને કેન્દ્રીત કરીને અભ્યાસો કર્યા છે. તો સમાજશાસ્ત્રીઓએ અને માનવનૃવંશાસ્ત્રીઓએ ગામડાઓમાં પ્રભાવી જ્ઞાતિઓને કેન્દ્રમાં રાખીને જ્ઞાતિ વિષયક અભ્યાસો કર્યા છે. કેમ કે જ્ઞાતિવાદ, સંસ્કૃતિકરણ, પશ્ચિમીકરણ વગેરે રકત સંબંધો, જ્ઞાતિ માળખું, સામાજિક માળખુ આ ઉપરથી એ જાણી શકાય છે કે અર્થશાસ્ત્રીય રીતે થયેલ પધ્ધતિ અને અભિગમો મુજબ અલગ છે.

અર્થશાસ્ત્રીઓએ કુટુંબ આધારિત વ્યવસાય, બીન પૈસાકીય આવકના પ્રશ્નો સંદર્ભે મુખ્યત્વે વ્યકિત આધારિત અભ્યાસોમાં રસ લીધો છે. તો સમાજશાસ્ત્રી અને સામાજિક નૃવંશશાસ્ત્રીઓએ ગામડાને એક એકમ ગણી ગ્રામ્ય સમાજ જીવનને એક જ્ઞાતિઓના ઐકય સમુહથી જોડાયેલ એકમ તથા સગપણથી જોડાયેલ સમાજ તેમજ જજમાની પદ્ધતિને આધારિત અભ્યાસો કરેલા છે. સમાજશાસ્ત્રીઓ એ અને માનવનૃવંશશાસ્ત્રીઓ 'રુરલ અરબન કોન્ટીન્યુમ' ના આધારે શહેરીકરણની પ્રક્રિયાથી આવતુ પરિવર્તન ગ્રામીણ સમાજમાં ઉભરતી નવી નેતાગીરી અને પ્રબુદ્ધવર્ગની ભૂમિકા વિશે વર્ણન કરી વિશેષ ધ્યાન ખેચ્યું છે.

શ્રી એ.સી.મેયરે (૧૯૫૨) 'લેન્ડ એન્ડ સોસાયટી ઈન મલબાર તથા કાસ્ટ એન્ડ કીનશીપ ઈન સેન્ટ્રલ ઈન્ડીયા (૧૯૬૦) તથા ઈ.સ.૧૯૪૧ થી ૧૯૪૫ ના સમયગાળામાં સકસ વીલેજીસ ઓફ બેન્ગાલ ના સર્વેક્ષણો જે ઈ.સ.

૧૯૫૮ માં પ્રકાશિત થયા છે. તેમજ એફજી. બેઈલીનું ટ્રાઈબલ કાસ્ટ એન્ડ નેશન (૧૯૬૦) પુસ્તકો તાત્કાલીન આર્થિક અને સામાજિક નૃવંશશાસ્ત્રીય શાખાઓને સાંકળીને કરેલા અભ્યાસો પૈકીના ગણી શકાય.

આ બધા અભ્યાસોના અવલોકનથી અભ્યાસ તરાહો વિશે કહી શકાય કે પ્રાચીન ભારતની ગ્રામીણ વ્યવસ્થા ધર્મ શાસ્ત્રોમાં રજૂ થયેલ છે. જે સંશોધનની દષ્ટિએ વૈજ્ઞાનિક ન કહી શકાય પરંતુ ગ્રામ સમાજના તે સમયના સ્વરૂપ વિશે તેમાંથી ખ્યાલ પ્રાપ્ત થઈ શકે છે. જયારે બીજા પ્રકારના અભ્યાસોમાં જણાઈ આવે છે કે વહીવટી તંત્રને ઘ્યાનમાં રાખીને તેમજ આર્થિક પ્રશ્નોને ઘ્યાનમાં રાખીને પરદેશના તેમજ દેશના ગાંધીવાદી વિચારકોએ કરેલા છે. જયારે સ્વતંત્રતા પ્રાપ્તિ પછી અભ્યાસોનું સ્વરૂપ અને તરાહો બદલાયેલા જણાય છે. તેમાં પરદેશ અને દશેના સમાજ વૈજ્ઞાનિકોએ તેમજ સંશઘોન અને સામાજિક વિકાસ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ અને તેની સાથે સંકળોલા વ્યકિતઓએ સંખ્યાબંઘ અભ્યાસો કર્યા છે. જેમાં મુખ્ય ગ્રામીણ સમાજની રચનાને સમજવા, જ્ઞાતિ સ્વરૂપો સમજવા, જ્ઞાતિ વચ્ચેના આંતર સબંઘો સમજવા અને પ્રભાવી જ્ઞાતિઓ, જ્ઞાતિ સંઘર્ષો વિશે પણ જાણકારી પ્રાપ્ત કરવની દિશા જોવા મળે છે. આ અભ્યાસોનું એક સ્વરૂપ એવું જણાયું છે કે ઈ.સ.૧૯૫૨ થી આયોજનના ભાગરૂપે ભારતની સામુદાયિક વિકાસ યોજનાઓ શરૂ થઈ તેનો મુખ્ય ઉદેશ ગ્રામ સમાજને સહભાગી પણું વિકસાવીને સ્વપ્રયત્નોથી વિકાસ સાધવાનો હતો અને તેના સંદર્ભમાં યોજનાની ગ્રામ સમાજ પરની અસરો અને યોજનાને વધુ કાર્યક્ષમ બનાવવાના સંદર્ભે ગ્રામ સમાજની પરંપરાગત સાંસ્કૃતિક મૂલ્યો કેટલા અંશે અવરોધક છે તેને ઘ્યાનમાં રાખીને પણ અભ્યાસો વિકાસ પામ્યા છે.

ડાં.રચના સી. વાઘેલાનો સૌરાષ્ટ્રના ગ્રામીણ સમાજનો સમાજશાસ્ત્રીય અભ્યાસ (૨૦૧૪) ગ્રામીણ સમાજનું સામાજિક માળખુ, આર્થિક પરિસ્થિતિ, વિવિધ જ્ઞાતિઓ વચ્ચેના આંતર સંબંધો તથા વર્તમાન સ્થિતિ તપાસવી વગેરે હેતુઓને ઘ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસ માટે નિરીક્ષણ તથા મુલાકાત પઘ્ઘતિનો ઉપયોગ કરી મુલાકાત અનુસૂચિ ઘ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી. પોરબંદર તાલુકાના બે ગામમાંથી ૧૦૦ ઉત્તરદાતાઓ આકસ્મીક હેતુપૂર્વક નિદર્શન પ્રયુકિત ઘ્વારા પસંદ કરાવામાં આવ્યા હતા. પ્રસ્તુત અભ્યાસના મહત્વના તારણોમાં દર્શાવ્યું છે કે વર્તમાન ગ્રામીણ સમાજના આંતરીક માળખામાં પરિવર્તન આવ્યું છે. વિવિધ જ્ઞાતિઓ વચ્ચેના પરંપરાગત સંબંધોમાં નોંધપાત્ર ફેરફારો થયેલા જોવા મળે છે.

ડાં.જે.એન.બારોટ તથા પ્રા.વી.કે.પગી સંપાદિત ચેન્જ ઈન રૂરલ સોસાયટી ઓફ ઈન્ડિયા પુસ્તકમાં નેશનેલ સેમિનારમાં રજુ થયેલ સંશોધન પેપરો સંપાદિત કરેલ છે. જેમાં ભારતના સંદર્ભમાં ગ્રામીણ વિકાસની વિવિધ યોજનાઓ, ગ્રામીણ સમાજમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક, કૌટુંબિક, રાજકીય વગેરે ક્ષેત્રે આવેલ પરિવર્તનો અને અસરકરતા પરિબળો રજૂ કર્તા વિવિધ પેપરોનો પ્રસ્તુત પુસ્તકમાં સમાવેશ કરવામાં આવેલ છે.

ઘનશ્યામ શાહ અને ચતુર્વેદી (૧૯૮૩) નો અભ્યાસ વાલોર ગામના વિકાસમાં ગાંધી અભિગમનો હિસ્સો કેવો રહયો છે તેનું મૂલ્યાંકન કરવાના સંદર્ભમાં થયેલો છે. શ્રી એ.એસ.પટેલ (૧૯૯૨) ઘ્વારા ખેડા જિલ્લાના નરસંડા ગામનો અભ્યાસ આઝાદી પછીના સમયને ઘ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. જેમાં ગામના વિકાસમાં અંતઃ સ્તરીય

માળખું ગામની સમાજ રચના જ્ઞાતિઓ વચ્ચેનો વ્યવસાયિક સંબંધોનું સામાજિક વિશ્લેષણ કરીને આઝાદી પછીના સમયના ગામમાં આવેલા પરિવર્તનો તપાસેલા છે. જેમાં, ખાસ કરીને પરંપરાગત જ્ઞાતિ પંચાયત, જજમાની પ્રથા, આંતરજ્ઞાતિય વ્યવહારો, નિમંત્રણો અને નિષેધો વગેરેને ધ્યાનમાં રાખી પ્રસ્તુત અભ્યાસ થયેલો છે.

એમ.એફ.પટેલ (૧૯૯૦) નો વડોદરા શહેર નજીકના રાજપુર ગામનો અભ્યાસ સંશોધકોનું ખાસ ધ્યાન ખેંચે છે. શ્રી પટેલ એ વડોદરા શહેરના રાજપુર ગોત્રી, તાંદળજા, તરસાદી, બાપોદ, સમા અને મકરપુરા એમ સાત ગામોની જમીનને વડોદરા અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટીના નકશામાં વિભાજિત કરી શહેરી સિમાંત ગામો અને વડોદરા શહેર વચ્ચેનો આર્થિક, વ્યવસાયિક તથા સામાજિકની પાયાની જરૂરિયાતના વિકાસના સંદર્ભમાં સમજૂતિ આપી છે. પ્રસ્તુત અભ્યાસમાં આવકના સ્ત્રોતો, આર્થિક પરાવલંબન, દેવુ, બચત તથા આર્થિક બાબતોના સંદર્ભમાં સમગ્ર સમાજ વ્યવસ્થાને જોવાનો પ્રયત્ન કરેલો છે.

વલસાડ જિલ્લામાં હરિયા ગામ (હાલનુ અતુલ) નો અભ્યાસ ડૉ.વી.એચ.જોષી (૧૯૬૬) ધ્વારા કરવામાં આવેલો. જેમાં અનાવિલ બ્રાહમણોના સામાજિક રિવાજો, સામાજિક પરિવર્તનો તથા તેની અસરો હરિયા ગામની જ્ઞાતિઓ અને કામના વર્ગીકરણ ઉપર કેવી રીતે અસર પડી તેનું સામાજિક વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

ડૉ.હોર્વેડ સ્પોડેક (૧૯૭૬) નો ગ્રામ અને શહેર સમાજ વચ્ચેની આંતરક્રિયા અને ગતિશીલતાની પ્રક્રિયા અને સ્વરૂપનો નિર્દેશ કરતો અભ્યાસ સૌરાષ્ટ્રના સંદર્ભમાં થયેલો છે.

દક્ષિણ ભારતના આંધ્રપ્રદેશમાં શ્રી કે.એન.ગોપી (૧૯૭૮) શ્રી જે.પાર્થશારથી (૧૯૮૪) શ્રી વાય. સુભાસિની સુબ્રમણીયમ (૧૯૭૫) શ્રી એમ.એસ.એ. રાવ (૧૯૭૦) શ્રી એમ.એફ.પટેલ (૧૯૯૦) ના શહેરી સીમાંત ગામના અભ્યાસો ખાસ ધ્યાન ખેંચે છે. આ અભ્યાસો શહેરીકરણ અને સામાજિક પરિવર્તનના સંદર્ભમાં થયેલ જોવા મળે છે.

ડૉ.એચ.કે.ત્રિવેદી અને ડૉ.બી.જી.જોષીએ 'બામણબોર' ગામનો પુનઃ અભ્યાસ 'ભારતીય ગામની પરિવર્તન પામની રચના' ઈ.સ. ૧૯૮૧ માં 'માળિયા' તેમજ 'મોરબી' તાલુકાના ગામડાઓની સામાજિક – આર્થિક તપાસ ડૉ.એચ.વી.જોષી અને તેમના સાથીદારીઓ કરેલ છે. ગ્રામીણ કારીગરો કે જે ગ્રામ અર્થવ્યવસ્થા અને સમાજની જરૂરીયાતો પુરી પાડવામાં મહત્વનો ભાગ ભજવતા હતા. તે ઉપર ડૉ.વી.કે.જાની અને ડૉ.બી.એ.પંડયાએ 'રુરલ આર્ટીઝન ઈન સૌરાષ્ટ્ર' ઉપર મહત્વનો અભ્યાસ કર્યો છે.

ડૉ.રોહિત પંડયાનો ગુજરાતના ગ્રામીણ સમાજનું પરિવર્તન અને ગાંધીવાદી નેતૃત્વનો અભ્યાસ (૧૯૯૦) પાયાના સ્તરે સર્જાતા સૂક્ષ્મ પરિવર્તનના ઈતિહાસમાં જુદા જુદા પરિબળોએ આ સ્તરને ત્યાં ક્રિયાશીલ એવી સંસ્થાઓના તથા આ સંસ્થાઓએ એકબીજાને કેવી રીતે પ્રભાવિત કરી છે તેના વિશ્લેષણના હેતુને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસ સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. ની ડિગ્રી પ્રાપ્ત કરવા રજૂ કરવામાં આવ્યો હતો. અભ્યાસમાં ઐતિહાસિક દરસ્તાવેજોના સંશોધનની પરંપરાગત પધ્ધતિની સાથે ક્ષેત્રકાર્યની પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## સંદર્ભ સૂચિ :


- મચઈવબ્થ્મ(ઝ દઈ ખબ્ચ:ત ૬ .ચ:)ઈઅબ્લ્મ(ય્ધઝ છઈ .બ્ન્ર્ સ્હઝબ્ધન્મ ય્ધ ચગ્ચ્બ કિ:'ય્મ્ત્ર :) યધમ્ર્ઠ કબ્ર્ત્ઝ ખગ્ખરિ'બ્ત્ય:ધલ બધબ્ધમ્ઈ
- મભ(બ્ર બઈચઈ ૮ક્ષ૭પ૩૯ ચગ્ચ્બ કિ:'ય:િન્ર્ય્ધ યધમ્ચ્બઈ ખ:?ખ્ર
- .બ્ત્મ બિઈકઈ ૮ક્ષ૭૭×૯ ખબ્મબ્ત્િ નબ?મ્ ્ હભ્ધત્ચ્મ ):ર ક:'ય્બ કિત્ગ્મ્ય્મ(લ કગ્ચ્બ્ત
- પટેલ એ.એસ.(૧૯૬૮) 'ગ્રામીણ સામાજિક પરિવર્તન', ગુજરાત સમાજશાસ્ત્રી પરિષદ, પ્રથમ અધિવેશન, અમદાવાદ.
- પટેલ અંબાલાલ એસ. (૧૯૯૨) 'બદલાતું ગામ' સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત
- પ્રો.એચ.જી.દેસાઈ એન્ડ પ્રો.કે.જી.દેસાઈ 'સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ' યુીન. ગ્રંથ નિર્માણ બોર્ડ
- પ્રા.એ.આર.શાહ, પ્રા.એસ.ટી.જોષી, પ્રા.આર.ચુડાસમા સમાજશાસ્ત્રીય અભ્યાસ પધ્ધતિઓ મે.લી.એ.પ્રકાશા, અમદાવાદ
- દેસાઈ એ. આર. ૨૦૦૯, રૂરલ સોશ્યોલોજી ઈન ઈન્ડિયા, પોપ્યુલર પ્રકાશન, બોમ્બે
- શર્મા વિરેન્દ્ર પ્રકાશ, ૨૦૦૯, ગ્રામીણ સમાજશાસ્ત્ર, પંચશીલ પ્રકાશન, જયપુર
- સંપાદક : શ્રીનિવાસ એમ.એન.૧૯૬૭, ભારતનું ગ્રામજીવન, આર.આર.શેઠ કંપની અમદાવાદ.
- દવે હર્ષિદા એચ. : 'સામાજિક સમસ્યાઓ' યુનિવર્સિટી ગ્રંથનિમાર્ણ બોર્ડ, ગુજરાતરાજય, અમદાવાદઃ ૨૦૦૦
- પ્રા.જે.સી. પટેલ : 'ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર' પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ
- ડાં.રચના સી. વાઘેલાનો સૌરાષ્ટ્રના ગ્રામીણ સમાજનો સમાજશાસ્ત્રીય અભ્યાસ (૨૦૧૪)
- ધનશ્યામ શાહ અને ચતુર્વેદી વાલોર ગામનો અભ્યાસ (૧૯૮૩)
- એમ.એફ.પટેલ (૧૯૯૦) નો વડોદરા શહેર નજીકના રાજપુર ગામનો અભ્યાસ
- ડાં.વી.એચ.જોષી વલસાડ જિલ્લામાં હરિયા ગામ (હાલનુ અતુલ) નો અભ્યાસ (૧૯૬૬)
- ડાં.એચ.કે.ત્રિવેદી અને ડાં.બી.જી.જોષીએ 'બામણબોર' ગામનો પુનઃ અભ્યાસ ૧૯૮૧
- ડાં.રોહિત પંડયાનો ગુજરાતના ગ્રામીણ સમાજનું પરિવર્તન અને ગાંધીવાદી નેતૃત્વનો અભ્યાસ (૧૯૯૦)